# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા-૦૧/૨૦૨૧-૨૨/૨૦૨ તા.૦૮.૦૯.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૩/ક્વા-૦૧/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી હોટલ વિશાલા ગામ – જુનાગઢ

સબડીવીઝન: સેન્ટ્રલ - જુનાગઢ

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ શહેર

### :: કોરમ ::

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: શુક્રવાર (૧૩.૦૮.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩.૦૮.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

### :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો હોટેલ વિશાલા નામ જયંતિભાઈ છગનલાલ દવે NRGP –C 4 KW નું વિજ-કનેક્શન ધરાવીએ છીએ જેના ગ્રાહક નં. ૩૪૧૦૭/૧૦૧૦૬/૧ છે અને અમારૂ વિજ-કનેક્શન સેંટ્રલ જુનાગઢના પેટા વિભાગીય કચેરીમાં આવેલ છે અને ૧૯૯૬ થી આ કનેક્શન ધરાવીએ છીએ. હાલમાં અમોને સેંટ્રલ પેટા વિભાગીય કચેરી જુનાગઢ દ્વારા નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૦ થી અત્યાર સુધીનું વિદ્યુત શુલ્ક તફાવતની રકમનું ૧૦ % ને બદલે ૨૦ % તથા ૨૫ % લેખે આકારીને બિલ આપવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે.તો આ અંગે આપ

સાહેબને જણાવવાનું કે આ જ્યારે એમોએ કનેક્શન લીધેલ ત્યારે આ વિદ્યુત શુલ્ક શા માટે કંપનીના નિયમ મુજબ આકરેલ નથી અને હાલમાં જ આ પ્રકારની ભૂલ ધ્યાને આવેલ છે જે અમોને એકીસાથે આવડી બધી મોટી રકમનું બિલ શા માટે આપેલ છે જે અમો કઈ રીતે ભરી શકીએ અને જો જે તે વખતથી પી.જી.વી.સી.એલ. દ્વારા વિદ્યુત શુલ્ક સાચું કોડ આપીને લીધેલ હોય તો અમે ભરી આપત જે કંપનીની ભુલના કારણે અમોને ભોગવવી પડે છે જે ક્યાનો ન્યાય છે. તો આ અંગે અમારી ફરિયાદનો યોગ્ય નિકાલ કરવા અમારી વિનંતી. જાણ તથા જ્યાં સુધી ફોરમનો ચુકાદો ના પડે ત્યાં સુધી કાર્યવાહી ન કરવા વિનંતી. સહકાર ની અપેક્ષા સહ.......આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનુ કે,અત્રે ના હેઠળની સેન્ટ્રલ સબ ડિવીઝન કચેરી ના ગ્રાહક શ્રી હોટેલ વિશાલા ગ્રા.નં ૩૪૧૦૭૧૦૧૦૬૧ ને માહે ડિસે-૧૦ થી આપવામા આવેલ વિધુત શુલ્ક તફાવત નું પુરવણી બીલ આપવામાં આવેલ.

૩.૧ જે બાબતે સદર ગ્રાહક દ્વારા સીજીઆરએફ માં રજુઆત કરેલ હોય,સરકારશ્રી દ્વારા નકકી કરાયેલ ૨૦% વિદ્યુત શુલ્ક લેવા પાત્રા થાય છે.જેનું પુરવણી બીલ આપવામાં આવેલ છે.જે યોગ્ય છે.અને ભરવાપાત્ર છે.આ સાથે સદર કેઇસ સંલગ્ન આધાર પુરાવાઓની નકલ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજ્દારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે વિધુત શુલ્ક ની રકમ જે અરજદાર શ્રી પાસેથી લેવામાં આવે છે તે પીજીવીસીએલ કંપની દ્વારા સરકાર શ્રી ને ભરવાની થતી હોય છે. અને જે સરકાર શ્રી ના નિયમ મુજબ હોય છે.

૪.૨ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને જે પુરવણી બિલ આપવામાં આવેલ છે જે યોગ્ય છે. અને અરજદાર શ્રી ને ભરવાપાત્ર છે.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯